મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૫ ટકા

ગાંધીનગર તાપમાન

પાટનગરના વિદ્યાર્થીઓ દિલ્હી યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષામાં ઝળક્યા

ગાંધીનગર, તા.૧૨

શહેરના વિદ્યાર્થીઓની સિદ્ધિનો કોઈ વિરામ આ વર્ષે લાગતો નથી. ધોરણ-૧૨માં ધોરણ પછી લેવાતી અલગ અલગ પરીક્ષાઓમાં ગાંધીનગરના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું છે. દિલ્લી યુનિવર્સિટી દ્વારા લેવાતી ડી.યુ.ની પ્રવેશ પરીક્ષામાં ગાંધીનગરના શિવાંક આશુતોષનો ઓલ ઈન્ડિયા રેન્ક ૨૯ આવ્યો છે. તેણે દિલ્લી સ્કૂલ ઓફ જર્નાલિઝમમાં પ્રવેશ માટે આ પરીક્ષા આપી હતી.

જ્યારે શિવાંકના મિત્રો, યુગલ ભારદ્વાજ અને યુગમ ભારદ્વાજ એ પણ આ પરીક્ષા પાસ કરી હતી. તેઓને બી.બી.એ કોર્સમાં રસ છે. યુગમ ભારદ્વાજનો ઓલ ઈન્ડિયા રેન્ક ૯૧ છે જ્યારે યુગલ ભારદ્વાજનો રેન્ક ૨૧૫ છે. આ બધા વિદ્યાર્થીઓ ગાંધીનગર સ્થિત કરિયર લોંચરના વિદ્યાર્થીઓ છે. સંસ્થાના ડાયરેક્ટર શ્રી હાર્દિક પરીખના જણાવ્યા અનુસાર બધા વિદ્યાર્થીઓ ખૂબ મહેનતી છે. શિવાંકનો ઉલ્લેખ કરતાં એમને જણાવ્યુ કે તેનો જર્નાલિજમના ક્ષેત્રમાં રસ અનેરો હતો. પહેલા દિવસથી તે જર્નાલિજમની તૈયારી માટે દિવસમાં ૩ કલાક નિયમિત પણે આપતો હતો. જ્યારે યુગલ અને યુગમને વિષે તેઓનું માનવું છે કે બંને ભાઈઓ ખૂબજ મક્કમ અને મહેનતી છે. બંને ભાઈઓ બોર્ડની પરીક્ષા દરમ્યાન પણ અચૂકપણે ક્લાસમાં આવતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે DUની આ પ્રવેશ પરીક્ષા લગભગ ૨૪,૦૦૦ વિદ્યાર્થીઓએ આ વર્ષે આપતી હતી. દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ આ પ્રવેશ પરીક્ષા આપી દેશની પ્રતિષ્ઠિત એવી દિલ્લી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાની ઝંખના રાખે છે. આ વિદ્યાર્થીઓએ એક દીવાદાંડીની જેમ માર્ગ ચીંધવાનું કામ કર્યું છે અને આવનારા વર્ષોમાં અનેક વિદ્યાર્થીઓને પ્રેરણા રૂપ સાબિત થશે.

વધતા ચોરી-લૂંટના બનાવો ડામવા સીસીટીવી કેમેરા મુકવા માંગ

છેવાડાના સેકટરોમાં જાન-માલની રક્ષા માટે ચિંતિત બનેલા વસાહતીઓ સે-૨૭માં લોકભાગીદારીથી પણ સીસીટીવી કેમેરા મુકવા વસાહત મંડળની તૈયારી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીના બનાવો ચિંતાજનક રીતે વધવા પામ્યા છે. ખાસ કરીને છેવાડાના સેકટરમાં આ પ્રકારની ઘટના નોંધપાત્ર રીતે વધી છે ત્યારે સેકટર-૨૭ વસાહત મંડળ દ્વારા નાગરિકોના જાન-માલની સુરક્ષા માટે તેમના સેકટરમાં સીસીટીવી કેમેરા ગોઠવવા પોલીસ તંત્ર સમક્ષ રજુઆત કરી છે અને આ માટે લોકભાગીદારીનો વિકલ્પ સ્વીકારવા પણ તૈયારી દર્શાવી છે.

સેકટર-૨૭એ છેવાડાનું સેકટર છે અને છેલ્લા કેટલાક સમયથી રાત્રે ઉપરાંત દિવસે પણ ચોરી, લૂંટ તેમજ લુખ્ખા તત્વોના ઉપદ્રવની સમસ્યા વકરતી જોવા મળી રહી છે. આ ઘટનાઓને પગલે આ વિસ્તારના નાગરિકોમાં તેમના જાન-માલની સુરક્ષા અંગે ચિંતાજનક પરિસ્થિતિ પેદા થવા પામી છે. આ સંજોગોમાં વસાહતીઓ દ્વારા રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ વધારવા અને રાત્રે ચોકી માટે મુકવામાં આવેલા હોમગાર્ડસના જવાનોની કામગીરી ચકાસવા જિલ્લા પોલિસ અધિક્ષક સમક્ષ રજૂઆત કરી છે. આ રજૂઆતમાં તેમણે સેકટરમાં આવા તત્ત્વો પર ચાંપતી નજર રહે અને નાગરિકોના જાન-માલનું રક્ષણ થાય તે માટે સીસીટીવી કેમેરા લગાડવા માંગ કરી છે. વળી, કેમેરા લગાડવા સરકારી ગ્રાન્ટમાંથી શકય ના બનતું હોય તો લોકભાગીદારી માટે પણ સહયોગ આપવાની તૈયારી દર્શાવી છે. આમ સેકટરવાસીઓની ચિંતા એટલી હદે વધવા પામી છે કે તેઓ સીસીટીવી કેમેરાનો ખર્ચ ઉઠાવીને પણ સુરક્ષા વ્યવસ્થા વિશ્વાસપાત્ર બને તે માટે ચિંતિત બન્યા છે. સેકટરમાં સતત વધતી જતી ગુનાખોરી અને લુખ્ખાગીરી ડામવા પોલીસ તંત્ર સત્વરે પગલાં ભરે તેવી સે-૨૭ વસાહત મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે.

સે-૨ ઉના શોપીંગે રથયાત્રાનું સ્વાગત

ગાંધીનગર, તા.૧૨

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સે-૨૩ શાખા તથા ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૪ના કોર્પોરેટર શ્રીમતી નીલાબેન મુકેશભાઈ શુકલ દ્વારા તા. ૧૪ જુલાઈ ૨૦૧૮ના રોજ રથયાત્રાનું સે-૨૩માં કડી સ્કુલ ચોક પાસે નાના શોપીંગ ખાતે સાંજે ૫.૩૦ કલાકે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ સાથે સમસ્ત બ્રહ્મસમાજ પરીવાર અને વસાહતી સાથે પૂજન વિધિ અને હારતોરા તેમજ સ્વાગત અને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવશે તો સર્વે વસાહતીઓને પરિવાર સહિત ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

સે-૧૬માં બ્રહ્મભવન ખાતે રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા રથયાત્રાનું સે-૧૬માં શ્રી સ્વામી સચ્ચિદાનંજી બ્રહ્મભવન ખાતે સવારે ૮.૦૦ કલાકે તા. ૧૪ જુલાઈ ૨૦૧૮ રથયાત્રાના દિવસે ભવ્ય સ્વાગત કરવામાં આવશે તો સમસ્ત બ્રહ્મસમાજ પરીવાર તથા વસાહતીઓને પૂજનવિધિ તથા સ્વાગત માટે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

સેકટર-૬-બીમાં રથાયાત્રાનું સ્વાગત કનુભાઈ દવે થાળીના રણકારથી કરશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી પંચદેવ મંદિરથી નીકળનાર રથયાત્રાનું સ્વાગત શ્રી સ્વામિનારાયણ મંદિર શોપીંગ સેન્ટર પાસે સે-૬-બીમાં શ્રી કનુભાઈ દવે પરંપરાગત મહારાજા સિધ્ધરાજના સમયમાં કરાતું તેમ કાંસ્યથાળીનો રણકાર કરીને કરશે તથા સમાજ અગ્રણી પ્રતિભાબેન દવે ભગવાનની આરતી કરશે.

જનહિતની યોજનાઓ લોકો સુધી ઝડપથી પહોંચાડવા માટે સોશિયલ મિડિયા ઉપયોગી બની શકે

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા આયોજીત એક દિવસીય પરિસંવાદ સંપન્ન

ગાંધીનગર, તા.૧૨

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગર દ્વારા રાજયભરના નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓનો એક દિવસીય પરિસંવાદ ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ પરિસંવાદમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓ સાથે સોશિયલ મીડિયા અને કોમ્યુનિકેશન વિષય ઉપર વાર્તાલાપ કરતાં ગુજરાત પ્રેસ અકાદમીના સચિવશ્રી પુલકભાઈ ત્રિવેદીએ પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક્સ મીડિયાની સાથે ન્યુ મીડિયાની અસરકારકતા અંગે વિગતવાર સમજ આપતાં જણાવ્યું હતું કે, વિશ્વ જ્યારે આજે કોમ્યુનિકેશનના માધ્યમ દ્વારા ગ્લોબલ વિલેજ બન્યું છે ત્યારે વિવિધ માધ્યમોની જાણકારી અને એનો ઉપયોગ વ્યક્તિના વિકાસ માટે અતિઆવશ્યક બાબત પૂરવાર થઈ છે.

વિશ્વ ટેકનોલોજી દ્વારા વિકાસની ઊંચી ઉડાન ભરી રહ્યું છે ત્યારે દુનિયા સાથે કદમ મિલાવવા માટે ટેકનોલોજીથી અવગત બની સરકારના કર્મયોગીઓએ જનહિતની

યોજનાકીય વાત જનતા સુધી શકય એટલી ત્વરાએ પહોંચાડવી જરૂરી છે. કોમ્યુનિકેશનના વિવિધ નવતર માધ્યમો દ્વારા રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓને અને નિર્ણયોને અંતરિયાળ વિસ્તારના અદના નાગરિક સુધી પહોંચાડી તેમને જાગૃત કરી લાભ લેવા માટે પ્રેરિત કરવાનું સુગમ બન્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માણસે કામમાંથી નિવૃત્ત થવાના બદલે નવી નવી બાબતો શીખવાની તમન્ના દ્વારા સતત પ્રવૃત્તિમય રહી સતત વિકસતા રહેવુ જોઈએ.

આ એક દિવસીય પરિસંવાદમાં સવારના સેશનમાં ડી. વી. ઝાલાવાડીયાએ સરકારના વિવિધ ફ્લેગશીપ કાર્યક્રમો અંગે, સમાજસુરક્ષા નિયામક પી. વી. ઠાકરે સામાજિક સુરક્ષા અંગે તેમજ લીડ બેંકના મેનેજર જેનાવરે યુવા સાહસિકો માટે નવા રોજગાર ધંધા શરૂ કરવા માટે અપાતી મુદ્રા યોજના અંતર્ગત લોન સહાય અંગે વિગતવાર જાણકારી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારી શ્રી રજનીકાંત સુથારે કર્યું હતું. પ્રસ્તુત પરિસંવાદમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના સ્ટેટ ડાયરેક્ટર અનિલકુમાર કૌશિક તેમજ વિવિધ જિલ્લાના નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધો-૧૨ની વિદ્યાર્થિનીને ફ્રેન્ડશીપ કરવા દબાણ કરતો સગીર ઝડપાયો

ઈન્સ્ટાગ્રામ ઉપર ફેક એકાઉન્ટ બનાવી એક તરફી પ્રેમમાં પાગલ સગીરે વિદ્યાર્થીનીને બિભત્સ મેસેજ કર્યા : સગીર વિરૂદ્ધ પોલીસ કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ખાતે આવેલી એક શાળામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને તેની જ શાળામાં અભ્યાસ કરતા સગીર વયના વિદ્યાર્થીએ હેરાન કરી નાખી હતી. વિદ્યાર્થીનીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ને ફોલો કરીને તેણીના જ ફોટો અને નામ સાથે નું એક બીજુ ફેક એકાઉન્ટ ખોલી વિદ્યાર્થીના બિભત્સ મેસેજ કરી ફ્રેન્ડશીપ કરવા દબાણ કરતો હતો. આ સંદર્ભે વિદ્યાર્થી એના પિતાએ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ આપતા એલસીબીએ ફેક એકાઉન્ટ ખોલનાર શખ્સ સુધી પહોંચવા કવાયત શરૂ કરી હતી અને તને આજે સાઈબર સેલે પકડી પાડયો છે. જ્યાં વિદ્યાર્થીની અભ્યાસ કરતી હતી તે જ શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી આ કૃત્ય આચરતો હોવાનું બહાર આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં આવેલી એક શાળામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની પોતાનું ઈન્સ્ટાગ્રામ ચેક કરી રહી હતી ત્યારે અચાનક પોતાના જ નામનુ અને પોતાના જ ફોટાવાળું એક બીજુ એકાઉન્ટ જોઈ તે સ્તબ્ધ થઈ ગઈ હતી. આ એકાઉન્ટ કોણ વાપરી રહ્યું છે અને કોણે બનાવ્યું છે તે જાણવા માટે વિદ્યાર્થિનીએ ચેટિંગ કર્યું તો કોઈ છોકરો આ એકાઉન્ટ વાપરી રહ્યો હોવાનું તેને ધ્યાને આવ્યું હતું અને તે છોકરો આ વિદ્યાર્થીનીને ફ્રેન્ડશીપ કરવા દબાણ કરી રહ્યો હતો અને ત્યારબાદ અભદ્ર ચેટિંગ શરૂ કરી દઈ બિભત્સ મેસેજ કરવા લાગ્યો હતો. વિદ્યાર્થિનીએ તેના પિતાને સમગ્ર ઘટના અંગે જાણ કરતા તેમણે ઈન્ફોસિટી પોલીસ મથકમાં આ સંદર્ભે ફરિયાદ આપી હતી. ગાંધીનગર એલસીબી સાયબર સેલે ફેક એકાઉન્ટ ખોલી બિભત્સ મેસેજ કરી ફ્રેન્ડશીપ માટે દબાણ કરી રહેલા વ્યકિત સુધી પહોંચવા કવાયત શરૂ કરી દીધી હતી દરમિયાન ફેક એકાઉન્ટ ખોલનાર આ વ્યકિત બીજું કોઈ નહીં પરંતુ તેની જ શાળામાં અભ્યાસ કરતા એક સગીર વયનો વિદ્યાર્થી હોવાનું ખુલ્યું છે. આ ગુનો આચરનાર સગીર સામે એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને ૧૪મીએ સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવાશે

સુવર્ણ પ્રાશનના ટીપા સરકારી આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપા તા. ૧૪મી જુલાઇ, ૨૦૧૮, શનિવારના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવનાર છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું? કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકાના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેધાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્યનક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડૉ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. તા. ૧૪મી જુલાઇ,૨૦૧૮ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવામાં આવનાર છે.

પેથાપુરના નીલકંઠ વિલામાં રહેતા ૨૫ વર્ષીય યુવાનનો ગળાફાંસો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક પેથાપુર ગામમાં આવેલા નીલકંઠ વિલા ખાતે રહેતા ૨૫ વર્ષીય યુવાને આજે સવારે પોતાના રૂમમાં જ પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ પોલીસને થતાં પેથાપુર પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું ચોક્કસ કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુરના નિલકંઠવિલામાં રહેતા ૨૫ વર્ષીય વિજયસિંહ જગતસિંહ રાઠોડ આજે સવારે પોતાના રૂમમાં એકલા હતા તે દરમિયાન તેમણે પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. વિજયસિંહ રાઠોડ હાલ બેરોજગાર હતા અને છેલ્લા ત્રણેક વર્ષથી પેટની બીમારીથી પીડાતા હતા. વિજયસિંહ ગળે ફાંસો ખાઈ લેતા પરિવારના સભ્યોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. ઘટના અંગે પેથાપુર પોલીસને જાણ થતા હેડ કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ તમે ટીમ સાથે સ્થળ પર આવી પહોંચ્યા હતા મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા પરિવારજનોના નિવેદન અને પડોશીઓના નિવેદનો લેવાની તજવીજ શરૂ કરી હતી. આપઘાતનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી પરંતુ પ્રાથમિક તપાસમાં પેટની બીમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

જિલ્લાના જમીન સંપાદન અધિકારીએ ગાંધીનગર સિવિલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે જિલ્લાના જમીન સંપાદન અધિકારી (ડે.કલેકટર) એ મુલાકાત લીધી હતી. ડે. કલેકટરે સિવિલમાં ડાયાલિસીસ તેમજ અન્ય વિભાગોનું નિરીક્ષણ કરીને દર્દીઓને આપવામાં આવતી સેવાઓ અને વહીવટી માળખાનો અભ્યાસ કર્યો હતો. સિવિલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ખબર અંતર પુછી હતી. અચાનક ડે. કલેકટરે સિવિલની મુલાકાત લેતા અધિકારી-કર્મચારીઓમાં ચહલ પહલ વધી જવા પામી હતી. જયારે સિવિલમાં કયાંથી કેટલી ગ્રાન્ટ આવે છે અને તેનો ઉપયોગ કયાં અને કેવી રીતે કરવામાં આવે છે તેની માહીતી મેળવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા કલેકટર કચેરી દ્વારા દર વર્ષે જિલ્લાની સરકારી હોસ્પિટલમાં તંત્રની કામગીરી, દર્દીઓને મળતી સુવિધા, તેમજ વહીવટી માળખાનો અભ્યાસ કરવામાં આવે છે. જયારે હોસ્પિટલમાં કયાંથી કેટલી ગ્રાન્ટ આવે છે અને ક્યા વપરાય છે તેની પણ માહીતી એકત્ર કરવાની હોય છે. જેને અનુલક્ષી જિલ્લા વહીવટી વિભાગના ખાસ જમીન અધિકારીએ પાટનગરની સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વહીવટી વિભાગ અને સિવિલમાં આવતી ગ્રાન્ટ પર વધુ ભાર મુક્યો હતો.તેમજ વહીવટી સ્ટાફ દ્વારા કઈ કઈ કામગીરી કરવામાં આવે છે. સિવિલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધા તંત્ર દ્વારા કેવી ઉભી કરવામાં આવી છે તેની પણ ચકાસણી કરી હતી.નવી બિલ્ડીંગમાં આવેલ ડાયાલીસીસ અને આઈસીયુ વિભાગનું નિરીક્ષણ કર્યું હતું. અને દર્દીઓને ખબર અંતર પુછીને તેઓને મળતી સુવિધાઓનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. જયારે સિવિલમાં અચાનક ડે.કલેકટરની મુલાકાતને પગલે અધિકારી-કર્મચારીઓમાં ચહલ પહલ જોવા મળી હતી.

હેપ્પી યૂથ ક્લબ આયોજિત "હેપ્પી જીવન યોગ સેમિનાર"નું સફળ સમાપન

ગાંધીનગર, તા.૧૨

હેપ્પી યૂથ ક્લબ દ્વારા તા. ૨જી થી ૧૨મી જુલાઈ સુધી ૧૧ દિવસ માટે દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન વાવોલમાં શ્રી એમ.બી.પટેલ હાઈસ્કૂલના પ્રાર્થના હૉલ ખાતે વિના મૂલ્યે "હેપ્પી જીવન યોગ સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ "હેપ્પી જીવન યોગ સેમિનાર"માં ગાંધીનગરના યોગ સેવક વિરમભાઈ દ્વારા વિના મૂલ્યે યોગ નિદર્શનની સેવા પૂરી પાડવામાં આવી હતી.

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છીક સંસ્થા હેપ્પી યૂથ ક્લબ દ્વારા વાવોલ ખાતે આયોજિત "હેપ્પી જીવન યોગ સેમિનારમાં શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક તંદુરસ્તી માટે યોગ સેવક વિરમભાઈ દ્વારા વિવિધ યોગાસનો, પ્રાણાયામ, કસરત વગેરેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. "હેપ્પી જીવન યોગ સેમિનાર"માં ભાગ લેનાર યોગાર્થીઓએ યોગ સેમિનારમાં ભાગ લેવાના કારણે તેમના આત્મ

વિશ્વાસ, ધૈર્ય શક્તિ, સંકલ્પ શક્તિ, માનસિક શાંતિ, રચનાત્મક અભિગમ, શારીરીક અને આધ્યાત્મિક શક્તિ વગેરેમાં વધારો થયો હોવાનો તેમજ યોગ-પ્રાણાયામ દ્વારા વિવિધ શારીરિક રોગ તથા હતાશા-નિરાશા-તણાવ જેવી માનસિક તકલીફોમાં ફાયદો થયો હોવાનો દાવો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે "હેપ્પી જીવન યોગ સેમિનાર" દરમ્યાન યોગ-પ્રાણાયામ ઉપરાંત આયુર્વેદ જેવા ઉપયોગી વિષયે પર આયુર્વેદ નિષ્ણાત ડો. રાકેશભાઈ ભટ્ટ દ્વારા માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

"હેપ્પી જીવન યોગ સેમિનાર"ના સમાપન પ્રસંગે હેપ્પી યૂથ ક્લબના કોષાધ્યક્ષ ભાવના રામી દ્વારા યોગ સેવક વિરમભાઈ ચૌહાણને પ્રશસ્તિ પત્ર, સ્વામી વિવેકનંદનું પુસ્તક તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. તેમજ આ પ્રસંગે ઉપસ્થિત શ્રી પ્રગતિ મંડળ વાવોલના કારોબારી સભ્ય વિનોદસિંહ રાઠોડને મંડળ દ્વારા પ્રાર્થના હોલની સેવા આપવા બદલ હેપ્પી યૂથ ક્લબના યુવા કાર્યકર વિજયસિંહ માજીરાણાના હસ્તે આભાર પત્ર આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે યોગાર્થીઓ દ્વારા યોગ સેવક વિરમભાઈને જાહેર સ્વાસ્થ્ય અને મજબૂત રાષ્ટ્ર નિર્માણમાં યોગ-પ્રાણાયામ નિદર્શનની તેમની નિઃસ્વાર્થ અને નિઃશુલ્ક સેવાઓ બદલ યોગાર્થીઓએ સ્વેચ્છાએ એકત્રિત કરેલ સહયોગ રાશિ ભેટ આપવામાં આવી હતી તેમજ તેમના યોગ અભિયાનને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સામાન્ય વરસાદથી શહેરમાં કાદવ કીચડ

ગંદકી સાથે મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના અમુક વિસ્તારોમાં હજુ ચોમાસું સક્રિય બન્યું નથી. છુટા છવાયા થયેલા વરસાદથી અનેક

સમસ્યાઓ ઉભી થઈ છે. જેમાં ગાંધીનગર શહેરમાં થયેલા સામાન્ય વરસાદે ગંદકીને આમંત્રણ આપ્યું છે. છુટા છવાયા વરસાદથી શહેરના અનેક ઠેકાણે પાણીના ખાબોચીયા ભરાઈ ગયા હતા જે બાદમાં કીચડમાં પરિવર્તિત થઈ ગયા છે જે કારણે ગંદકી ઉભી થઈને મચ્છર તથા અન્ય જીવજંતુઓનું ઉત્પત્તિ સ્થાન બન્યું છે. શહેરના મુખ્યમાર્ગોની આજુબાજુની ખાલી જગ્યાઓમાં આ સમસ્યા વધુ જોવા મળી છે. આ કાદવ કીચડથી ગંદકી ફેલાઈ છે અને તેમાંથી મચ્છરો તથા અન્ય જીવ જંતુઓ ઉત્પન્ન થઈ રહ્યા છે જે કારણે રોગચાળો ઉભો થવાની દહેશત વર્તાઈ છે. આમેય ચોમાસાની ઋતુમાં શરદી, તાવ, ઉધરસ જેવા રોગો માથુ ઉંચકે છે જેમાં હાલની પરિસ્થિતિએ ઉમેરો કર્યો છે. વાતાવરણમાં ભેજ, ગરમી અને ઠંડકના મિશ્ર વલણથી લોકોમાં બેચેની વધતી જઈ રહી છે ત્યારે સારા વરસાદની સૌ કોઈ અપેક્ષા રાખી રહ્યું છે. વધુ વૃક્ષો થકી હરિયાળા ગાંધીનગરમાં શ્રેઠ વરસાદ અપેક્ષીત છે ત્યારે સામાન્ય વરસાદ હાલ તો સ્વચ્છ અને સુંદર શહેરને કાદવ કીચડ થકી બદસુરત બનાવી રહ્યો છે. તંત્ર આવા ખાબોચીયાઓમાં દવાનો છંટકાવ કરે તેવી શહેરીજનોની માંગ છે.

ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સે-૨૭ શિવશકિત સોસાયટી, પ્લોટ નં. ૯૯૭ ખાતે રહેતા ગોપાલભાઈ મોહનદાસ પટેલ, ઉ.વ. ૭૨નું દુઃખદ અવસાન થયું છે. સદગતના કુટુંબીજન મુકેશભાઈ પટેલની સમંતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. મેઘા પટેલે પુરી પાડી હતી જયારે જુસીકાના કાર્યકર દિલીપ દંતાણીએ સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી કાર્યમાં મદદ કરી હતી.

ચિરવિદાય

- સ્વ. પટેલ ગોપાળભાઈ મોહનદાસ, ઉ.વ. ૭૨
- સ્વ. બચુજી પ્રતાપજી વાઘેલા, ઉ.વ. ૬૫